# વિસનગરમાં કેળવણી ક્ષેત્રે યોગદાન આપનાર વિરલ વિભૂતિઓ

( મહેશ વી.ચૌધરી,ધોળાકુવા પ્રાથમિક શાળા,તા.માણસા,જી.ગાંધીનગર)

- પ્રસ્તાવના :-

કેળવણી એ માનવના સર્વાંગી વિકાસની પ્રક્રિયા છે. માનવની સર્વદેશીય પ્રતિભાનો વિકાસ જે પ્રક્રિયા દ્વારા થાય તે કેળવણી છે. કેળવણી માનવમાં રહેલા ઉત્તમાંશોનું આવિષ્કરણ કરી નરને નારાયણ અને નારીને નારાયણી બનાવે છે. કેળવણીની પ્રક્રિયા એવો પારસ સ્પર્શ છે કે જેના સ્પર્શથી માનવ કથીરમાંથી કંચન બને છે. પ્રાચીન સમયમાં ધર્મએ માનવજીવનનું એકમાત્ર અવલંબન બની રહ્યો હતો ત્યારે ‘ સા વિદ્યા યા વિમુક્તયે ’ના કેળવણીના ધ્યેયમંત્ર દ્વારા માનવ કેળવણી દ્વારા મોક્ષપ્રાપ્તિનો પુરુષાર્થ કરવા પ્રેરતો.[1]

કેળવણી વિષે વિનોબા ભાવે કહે છે કે, “કેળવણી એ સત્યનું ઓજાર છે. કેળવણી એટલે મુકિત, આર્ષદર્શન, સ્વયંપ્રેરણા, નિત્ય નવું સર્જન, સાહસ.”[2] સોક્રેટીસ કહે છે તેમ, “પ્રત્યેક માનવના માનસમાં અદ્રશ્ય રહેલા વિદ્યમાન વિશ્વના સર્વસામાન્ય વિચારોનું પ્રગટીકરણ એટલે શિક્ષણ.”[3]

કેળવણી વિષયક ઉપરોક્ત વિભાવનાઓ પરથી કહીશકાય કે કેળવણી એ એક મહાન યજ્ઞ છે. વિસનગર શહેરમાં પણ વર્ષોથી આ કેળવણી રૂપી મહાન યજ્ઞના અનેકવિધ પ્રયત્નો હાથ ધરાતા રહ્યા છે. વિસનગર શહેરમાં કેળવણી ક્ષેત્રે પોતાનું યોગદાન આપનાર કેટલાક દાનવીરો,વિરલ વિભૂતિઓ કે મહાન વ્યક્તિઓ વિષે જાણીએ તે પહેલાં વિસનગરનો ઐતિહાસિક પરિચય મેળવી લઈએ.

પરંપરા મુજબ વિસનગર એ વિશલનગર તરીકે ઓળખાય છે અને વીશળદેવ નામના રાજાએ તેણે વસાવ્યું હોવાની માન્યતા પ્રવર્તે છે, આ માન્યતાને લીધે વીશળદેવ રાજાએ વસાવેલું નગર તે વિસનગર એવો આ નામનો અર્થ થાય પરંતુ આ વીશળદેવ ક્યા ? એ પ્રશ્ન પરત્વે વિવિધ મતો જોવા મળે છે.

૧૯મી સદીમાં ઇતિહાસના સાધન તરીકે ચંદબરદાઈના ‘ પૃથ્વીરાજ રાસો ’નું મહત્વ ગણાતું. તેમાં વીશળદેવ ચૌહાણની કથા આલેખેલી છે તેની કથા અનુસાર વીશળદેવે તેના શત્રુઓને હરાવીને અજમેરની આજુબાજુનો પ્રદેશ કબજે કર્યો, ત્યારબાદ રાજાનું પુરુષાતન લુપ્ત થતાં તેણે ગોકર્ણેશ્વરના આશીર્વાદથી તેણે પુરુષાતન પાછું મળ્યું. આથી તેણે ગોકર્ણેશ્વર પાસે વીશલનગર નામનું નગર વસાવ્યું.[4]

બીજી એક કથા અનુસાર પૃથ્વીરાજ રાસો નોંધે છે. આ કથા અનુસાર અજમેરમાં રાજા વીશળદેવ કામાચારી થઈ ગયો હતો. તેનો તેના મંત્રીઓએ દિગ્વિજય કરવા સમજાવ્યો અને

દિગ્વિજય માટે તેણે જુદા જુદા રાજાઓને નિમંત્રણ મોકલ્યું. તેનો ગુજરાતના રાજાએ સ્વીકાર કર્યો નહી. તેથી ચૌહાણ રાજા વીશળદેવે ગુજરાત પર ચઢાઈ કરી ગુજરાતનો બાલુકારાય તેની સામે યુદ્ધ કરવા તૈયાર થયો, પરંતુ તેની જાણ બહાર તેના મંત્રીઓએ વીશળદેવ સાથે સંધિ કરી તેથી જે સ્થળે સંધિ થઈ ત્યાં વીશળદેવે નગર વસાવ્યું. એક માસમાં તૈયાર થયેલું એ નગર વિસનગર તરીકે ઓળખાય છે.[5]

મહાસુખભાઈ શેઠ પોતાના પુસ્તક ‘ વિસનગર ’માં નોંધે છે તેમ અજમેરના રાજા વિશલદેવ ચહુઆણે બીજા રાજપૂત રાજાઓની સાથે મળીને મુસલમાનોએ જીતેલા ભાગો પાછા મેળવી તેમણે હિન્દુસ્તાનમાંથી હાંકી કાઢવા પ્રયત્ન કર્યો, તેમાં ભીમદેવ પહેલો સામેલ થયો નહી. તેથી ભીમ્દિવને શિક્ષા કરવાની ખાતર વિશલદેવ ગુજરાત પર ચડાઈ કરી. તેમાં ભીમદેવ હાર્યો અને વિશલદેવ રાજાએ જે સ્થળે લડાઈ કરી જય મેળવ્યો તે સ્થળ પોતાના નામથી વિશલનગર (હાલ વિસનગર, વિશલનગરનો અપભ્રંશ થયેલો શબ્દ વિસનગર છે) સને ૧૦૨૪માં વસાવ્યું.[6]

ઉપરોક્ત સમગ્ર ચર્ચા પરથી કહી શકાય કે વિશલદેવ આ વિસનગર વસાવ્યું હશે. આ નગરની કેળવણી એટલે શિક્ષણ ક્ષેત્રે ઘણી વિરલ વિભૂતિઓએ પોતાનું યોગદાન આપ્યું છે. વિસનગરની વિવિધ શાળાઓ,કોલેજો તેમજ અન્ય શૈક્ષણિક સંસ્થાઓનો આરંભ તેમજ વિકાસ કરવામાં પોતાનું અનન્ય યોગદાન આપનાર શ્રેષ્ઠીઓની એક ઝલક મેળવીએ.

## મહાસુખભાઈ શેઠ :-

મહાસુખભાઈ શેઠનો જન્મ પાટણના રસિક ઇતિહાસને શબ્દબદ્ધ કરી, જવલંત બનાવી રસપાન કરાવનાર એવા પાટણ નિવાસી શેઠશ્રી ચુનીલાલ દલછારામને ત્યાં સંવત ૧૯૩૩ સને ૧૮૭૭મા થયો હતો. તેઓનું કુટુંબ પાટણથી વિસનગર સ્થાયી થયું હતું. શ્રી મહાસુખભાઈએ બોમ્બે યુનિવર્સીટીની મેટ્રીકની પરીક્ષા પાટણ સેન્ટરમાં આપી ઉતીર્ણ થયા હતાં. મેટ્રિક થયા પછી તેઓ પિતાની અભિરુચિ પ્રમાણે શેર અને લેવડ દેવડના ધંધામાં જોડાયા, પરંતુ તેમાં ફાવટ નહી આવવાથી તેઓશ્રીએ વિસનગરમાં ‘ પદ્માકર પ્રિન્ટીંગ પ્રેસ ’ એ નામનું છાપખાનું આરંભ કર્યું હતું.

મહાસુખભાઈએ કેટલાક નાગરવણિક યુવાન મિત્રોના સાથ સહકારથી વિસનગરના પારેખપોળમાં ‘શુભદર્શક સભા’ નામની સંસ્થા ઉભી કરી હતી. આ સંસ્થા મણીલાલ મૂળચંદ તરફથી રૂ.૩૧૦૦ની મદદ મળવાથી ‘શુભદર્શક સભા’ ને ‘શુભદર્શક લાયબ્રેરી’માં ફેરવી નાખી.[7] તેનો તમામ વહીવટ વણિક યુવાનોને સોંપ્યો. આ લાયબ્રેરીના ઉદભવની પ્રેરણા શ્રી મહાસુખભાઈ શેઠની હતી. વિસનગરમાં કન્યાશાળા આરંભ કરવામાં પણ તેમનું યોગદાન રહેલું.

એમને હરિજનોના શૈક્ષણિક વિકાસ માટે પણ હમદર્દી હતી, આથી તેઓએ ‘રાજરત્ન મહાસુખભાઈ લોન લાયબ્રેરી’ સને ૧૯૩૯માં શરૂ કરેલી, ત્યારબાદ બાળજ્ઞાનવર્ધક હરીજન પુસ્તકાલયનું ઉદઘાટન સને ૧૯૪૨માં કરેલું.

વિસનગરમાં દરબાર રોડ પર આવેલ કન્યા શાળા સામે શ્રી વસુમતી નાગર વિધવાશ્રમના મેળા ઉપર રૂ. ૨૪૦૦/-ના ખર્ચે શ્રી મહાસુખભાઈએ સૌ.શાન્તાબેન મહાસુખભાઈ મહિલા લાયબ્રેરી બાંધી. આ રીતે મહિલા સમાજ પર તેમણે ભારે ઉપકાર કર્યો હતો, કારણકે તે વખતે મહિલાઓને વાંચવા માટે બહુ દૂર લાલ દરવાજા બહાર પારેખ વલ્લભરામ હેમચંદ જનરલ લાયબ્રેરીમાં જવાનું મુશ્કેલ હતું.

## <u>પારેખ વલ્લભરામ હેમચંદની પેઢી</u> :-

પુસ્તકાલયો એ માનવ સંસ્કૃતિના સાચાં તીર્થ ધામો છે. એ સિદ્ધાંતને અનુલક્ષીને પ્રજાના વાંચનનો શોખ વધે અને જ્ઞાનની સિદ્ધિ થાય તેવા સ્તુત્ય હેતુથી લોકપ્રિય અમલદારો અને સુધારક ગૃહસ્થોના પ્રયત્નોથી વિસનગરમાં સાર્વજનિક લાયબ્રેરીની શરૂઆત તા. ૩/૩/૧૮૭૮ના રોજ થઈ હતી. તેની સ્થાપનાની પ્રેરણા આપનાર હતાં શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ (ત્રીજા) આ લાયબ્રેરીનું પ્રથમ ટ્રસ્ટ રજીસ્ટ્રેશન તા. ૨૦/૯/૧૮૮૪ના રોજ વડોદરા રાજ્ય હસ્તક થયું હતું.[8]

આ સાર્વજનિક પુસ્તકાલયનું પોતાનું મકાન ન હોવાથી સ્વ.શેઠશ્રી હરિચંદ મછારામ પંચાલે, પ્રાંત પંચાયતે (મહેસાણા જીલ્લા પંચાયત) અને શ્રીમંત ગાયકવાડ સરકારે બબ્બે હજાર રૂપિયા આપી કુલ ફક્ત છ હજારના ખર્ચે હાલનું લાયબ્રેરીનું સુંદર મકાન સને ૧૯૧૩મા બંધાવ્યું. દરમ્યાન પારેખ વલ્લભરામ હેમચંદની પેઢી તરફથી સને ૧૯૨૬માં રૂપિયા ૫૦૦૦/- જેવી ઉદાર દેણગીથી જુદા જુદા રૂમ બંધાવી લાયબ્રેરીને અદ્યતન બનાવી. જે પાછળથી ખાતાની મંજૂરીથી પારેખ વલ્લભરામ હેમચંદ જનરલ લાયબ્રેરી નામથી ઓળખાવવા લાગી. આખા મહેસાણા પ્રાંતમાં સને ૧૮૭૮માં પહેલી વહેલી આ લાયબ્રેરી થઈ, ત્યારબાદ કડી ૧૮૮૦,પાટણ ૧૮૯૮ અને સિદ્ધપુર ૧૯૦૬ લાયબ્રેરીઓ શરુ થઈ.

## <u>સ્વ. શેઠશ્રી ગોકળભાઈ દોલતરામના વિધવા પત્ની ચુનીબાઈ</u> :-

વિસનગરમાં સ્વ. શેઠશ્રી ગોકળભાઈ દોલતરામના વિધવા પત્ની ચુનીબાઈ (દાતાર મંડળ) એ સ્ટેશન ઉપર આવેલી પોતાની ધર્મશાળાનું મોટું મકાન હાઈસ્કૂલ માટે સરકારને અર્પણ કર્યું તે એવી શરતે કે તેનું નામ શેઠ ગોકળભાઈ દોલતરામ હાઈસ્કૂલ રાખવું અને તેની સાથે તેમના નામનું બોર્ડીંગ હાઉસ પણ ઉઘાડીને સરકારે ચલાવવું અને ટે માટે તેમાં ઘટતો સુધારો વધારો સરકારે કરી લેવો. આ અન્વયે સને ૧૯૧૭ (સંવત ૧૯૭૩)માં હાઇસ્કૂલ ધર્મશાળાના મકાનમાં બેસવા લાગી અને તેનું નામ જી.ડી.હાઈસ્કૂલ (G.D.High School) પાડવામાં આવ્યું. અને મુંબઈ યુનિવર્સીટીમાં ટે નામ રજીસ્ટર કરાવવામાં આવ્યું. મકાનના મુખ્ય બારણાંની બાજુમાં બંને દીવાલો ઉપર નીચે પ્રમાણે અંગ્રેજી અને ગુજરાતીમાં આરસના પાટીયા ઉપર લેખ લખવામાં આવેલા છે.

The building was erected in the year 1907 A.D by the late Seth Gokalbhai Dolatram of Visnagar at a cost of RS. 50,000/- and his wife Bai Chunibai gave it to

the Govermentof his Highness the Maharaja Gekwarfor the use of Visnagar High School and boarding House to be known here after as seth Gokalbhai Dolatram High School 18th June 1917.

તેનો તરજુમો ગુજરાતીમાં બીજા પાટિયામાં નીચે પ્રમાણે છે –

આ મકાન વિસનગર નિવાસી સદગત શેઠ ગોકળભાઈ દોલતરામે રૂ.૫૦,૦૦/- ના ખર્ચે સને ૧૯૦૭માં બંધાવ્યું હતું. તે તેમના સ્મરણાર્થે તેમના ધર્મપત્ની બાઈ ચુનીબાઈએ શ્રીમંત મહારાજા ગાયકવાડની સરકારને શ્રી વિસનગર હાસ્કૂલ અને બોર્ડીંગ હાઉસના ઉપયોગ માટે ઉદારતાથી આપ્યું છે ને તે હવેથી શેઠ ગોકળભાઈ દોલતરામ હાઈસ્કૂલના નામથી ઓળખશે તારીખ ૧૮મી જૂન,૧૯૧૭.[9]

## <u>ઉત્રાણકર બંધુઓ</u> :-

ઉત્રાણકર કુટુંબના પૂર્વજો મૂળ સહ્યાદ્રી પર્વતમાળાના પશ્ચિમ ઘાટમાં નાસિક જીલ્લામાં આવેલા ‘સાચી’ ગામના વતની. ત્યાં નદીના કિનારે ઢોળાવ (ઉત્રાણ) વાળા ગામમાં વસેલાં જેનું નામ ‘ઉતરાણ’ હતું તેથી તેઓ ઉત્રાણકર કહેવાયા. ઉત્રાણકર કુટુંબમાં કૃષ્ણરાવ ઉત્રાણકરના બીજી વારના પત્નીથી ચાર દીકરાઓમાં સૌથી મોટા મધુસૂદન અને બીજા ગોવિંદરાવ.

વિસનગરમાં સરકારી જી.ડી.હાઈસ્કૂલમાં સંખ્યા સમાતી ન હતી, તેથી જી.ડીના એક શિક્ષકશ્રી શુક્લના કહેવાથી તેમના મોટા ભાઈ જેમની અમદાવાદમાં પ્રોગ્રેસીવ હાઈસ્કૂલ હતી તેમણે વિસનગરમાં ધી પ્રોગ્રેસીવ મિડલ હાઈસ્કૂલ તા. ૧૪/૪/૧૯૩૪માં શેઠશ્રી મોતીચંદ બાદરજીના વિશાલ મકાનમાં શરૂ કરી, પરંતુ તે બે માસમાં જ બંધ પડતા તેણે સ્થાને ‘ધી ન્યૂ ઈંગ્લીશ સ્કૂલ’ મધુસૂદન ઉત્રાણકરે શરૂ કરી.[10]

આમ, વિસનગરમાં ગોવિંદરાવ ઉત્રાણકરે જે ‘ધી ન્યૂ ઈંગ્લીશ સ્કૂલ’ ચલાવી તેની સ્થાપના અને શરૂઆત તા.૧૪/૬/૧૯૩૪માં જૈન છાત્રાલયના મકાનમાં તેમના મોટાભાઈ મધુસૂદન ઉત્રાણકરના હસ્તે થયેલી. આ શાળાની સાથે સાથે વિદ્યાર્થીઓને રહેવા માટે છાત્રાલયની પણ શરૂઆત થયેલી. ત્રણ માસના છાત્રાલય ખર્ચના માત્ર રૂ.૨૦/- લઈને છાત્રાલય ચલાવતાં ખોટ આવતી તે પોતાને માથે વેઠી લઈને, કુટુંબની આર્થિક સ્થિતિ સારી ન હોવા છતાં મહાન પુરુષે ગ્રામ્ય વિસ્તારમાં બાળકોનું હિત જ નજરમાં રાખ્યું તે તેમની મહાનતાનું ધોતક છે. તેમણે એક જ ધૂન હતી – ‘મારે ઉત્તમ નિ:સ્વાર્થ શિક્ષણનું કામ કરવું છે.’

ધી ન્યૂ ઈંગ્લીશ સ્કૂલના સંચાલકની જવાબદારી મોટાભાઈ મધુસૂદનના અવસાન પછી ૧૯૩૫માં તેમાં શિક્ષક તરીકે કામ કરતા ગોવિંદરાવે સ્વીકારી. ગોવિંદરાવને વધુ અભ્યાસ માટે કોલેજ જવાનું નક્કી થયું ત્યારે શાળાના સંચાલનનો પ્રશ્ન આવ્યો. અનેક વિચારો કર્યા બાદ તેમણે નિર્ણય કર્યો કે શાળાનું સંચાલન બીજાને સોંપી દેવું એકવાર શ્રી સાંકળચંદ શેઠે સૂચન કર્યું હતું કે

તમારે તમારી સ્કૂલનું સંચાલન ન રાખવું હોય તો કડી મંડળને વેચાણથી આપી ગોવિંદરાવે કહ્યું " શાળા કમાણીનું સાધન નથી, સરસ્વતીનું મંદિર છે. મંદિર વેચાય નહી." સાંકળચંદે તેમની આર્થિક સ્થિતિનો ખ્યાલ આપી સમજાવ્યા પરંતુ માન્યા નહી. મહાન પુરુષોની મહાનતા કપરા સમયમાં તેમના વલણોથી નક્કી થાય છે.[11] આ જ શાળા આજે વિસનગરમાં નૂતન સર્વ વિદ્યાલય તરીકે જાણીતી છે.

## સાંકળચંદ પટેલ :-

મુરબ્બીશ્રી સાંકળચંદ પટેલનો જન્મ તા.૨૮/૨/૧૯૦૯માં વિસનગરમાં થયો હતો. તેમણે ફક્ત ધોરણ-૩ સુધીનો અભ્યાસ વિસનગરની જી.ડી.હાઈસ્કૂલમાં કર્યો હતો. સ્વ.શ્રી સાંકળચંદભાઈ ખેડૂત કુટુંબમાં જન્મ્યા, શરૂમાં ધંધામાં જોડાયા પછી તેઓ સ્વાતંત્ર્ય ચળવળમાં સક્રિય થયા. જૂના વડોદરા રાજ્યના પ્રજામંડળના અગ્રણી તરીકે જીલ્લાની આગેવાની લઈ તેઓએ જાહેર જીવનમાં પ્રવેશ કર્યો ત્યાર પછી ઉત્તરોત્તર રાષ્ટ્રીય, રાજકીય, સામાજિક, શૈક્ષણિક કાર્યો શરૂ કરી આખા ગુજરાતને, મહેસાણા જિલ્લાને અને વિસનગરને એકધારી પ્રગતિના સોપાન ભણી દોરી ગયેલા આ મહામાનવ એ વ્યક્તિ નહી પણ સામાજિક સંસ્થા હતી.

શ્રી સાંકળચંદ પટેલે ઈ.સ.૧૯૭૮માં વિસનગરમાં શ્રી જયશંકર સુંદરીની યાદમાં વિસનગર નાટ્યગૃહ બાંધવામાં મોટો ફાળો આપ્યો. સને ૧૯૪૦-૪૧માં કડી શહેરના પૂ.છગનભાની પ્રેરણાથી કડવા પાટીદાર કેળવણી મંડળની સ્થાપના કરી. નૂતન સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સ્થાપના કરી. સને ૧૯૫૦માંમહર્ષિ દયાનંદ સરસ્વતી કેળવણી ટ્રસ્ટની સ્થાપના દ્વારા કન્યા કેળવણીને ઉત્તેજન આપવા સ્તુત્ય પ્રયત્ન કર્યો. માતૃશ્રી ચકુબાઈ બાલમંદિરની સ્થાપના અને તે દ્વારા સ્વ.શ્રી ગિજુભાઈની બાળકો માટેની પાયાની શિક્ષણ પદ્ધતિ નો પ્રસાર કરવામાં સહયોગ આપ્યો, મોટા ભાગની બુનિયાદી શાળાઓના પીવાના પાણી માટે મફત ટ્યુબવેલ કરી આપી.

ભારતીય સંગીત લલિત કલા મંડળની સ્થાપનામાં પણ સહયોગ આપી સંગીત શિક્ષણ પ્રત્યેની તેમની અભિરુચિનું દર્શન કરાવ્યું. સને ૧૯૭૭માંઉત્તર ગુજરાત કન્યા કેળવણી મંડળની સ્થાપના કરી. જ્ઞાતિભેદ સિવાય કન્યા કેળવણી માટે કન્યા છાત્રાલય પણ શરૂ કર્યું.[12] ઉપરોક્ત તમામ બાબતો તેમનો શિક્ષણ પ્રત્યેનો ઉમદા અભિગમ દર્શાવે છે.

## શેઠ માણેકલાલ નાનકચંદ :-

માણેકલાલ શેઠ વિસનગરના નાગર વાણિયાદોશી નાનકચંદ પુંજીરામના પુત્ર હતા. તેમની માતાનું નામ ચકુબાઈ હતું, અને તેમની કૂખે આ પુત્રનો જન્મ વિક્રમ સંવત ૧૯૩૯ના શ્રાવણ સુદ નોમના રોજ થયો હતો. નવની ઉમરે તેમણે પ્રભુતામાં પગલા માંડ્યા હતા.

મુંબઈમાં વેપાર કરતા મૂળ વિસનગરના શેઠ માણેકલાલ નાનકચંદ દોશી એક વખત ભાવનગર જતા હતા ત્યારે ગાડીમાં જ તેમણે ગાંધીજીનો મેળાપ થયો. તે વખતે ગાંધીજીની સાથે થયેલ વાતચીત પ્રમાણે શેઠશ્રી માણેકલાલ નાનકચંદે વિલાયતી કાપડના વેપારને તિલાંજલિ આપી અને પોતાની સાથેના નાણાનો સદ્ઉપયોગ કરવા વિસનગરમાં એક મહાવિદ્યાલય સ્થાપવાનો દ્રઢ નિર્ધાર કર્યો.

આ માટે તેમણે ૧૯૪૫માં તે વખતના વડોદરા રાજ્યના દીવાન શ્રી બી.એલ.મીતર સાથે વાટાઘાટો શરુ કરી અને એ દિવસોમાં ખુબ જ માતબર ગણી શકાય એવી રૂપિયા ચાર લાખની રકમ સૂચિત મહાવિદ્યાલય માટે તે વખતના વડોદરા રાજ્યને આપી. એ યુગમાં અજમેરથી અમદાવાદ વચ્ચે એક પણ કોલેજ ન હતી ત્યારે શેઠ શ્રી માણેકલાલે કરેલ આ પુણ્ય સંકલ્પ આ બૃહદ વિસ્તાર માટે કેટલો આશીર્વાદરૂપ નીવડ્યો હશે તેનો ખ્યાલ આ યુગમાં ઉચ્ચ શિક્ષણથી વંચિત રહી ગયેલાઓને આવી શકે.

શેઠ શ્રી માણેકલાલ નાનકચંદે આપેલ દાનમાંથી તૈયાર થયેલ મહાવિદ્યાલય, વિસનગર નામ આપવું તેમ નક્કી થયું, સાથે તેમણે પોતાના પિતાશ્રીના નામની શેઠ નાનકચંદ પુંજીરામ હોસ્ટેલના બાંધકામ માટે પણ દાન આપ્યું. આ પહેલા તેમણે ઈ.સ.૧૯૩૧માં વિસનગરના સ્ટેશન રોડ પોતાના નામનું એક છાત્રાલય શરુ કર્યું હતું. ઉચ્ચ શિક્ષણ માટે આવી ઉદાર સખાવત કરનાર આ દાતા ફક્ત છ ગુજરાતી ચોપડી સુધી જ ભણ્યા છે એવું જ્યારે આપણે જાણીએ છીએ ત્યારે આશ્ચર્ય અવશ્ય થાય.[૧૩]

# -: પાદનોંધ :-


૧. રાવલ નટુભાઈ વિ. " કેળવણીની તાત્વિક અને સમાજશાસ્ત્રીય આધારશીલાઓ", પ્રથમ આવૃત્તિ, નીરવ પ્રકાશન, અમદાવાદ, ૨૦૧૧, પૃષ્ઠ-૪.

૨. એજન, પૃષ્ઠ-૭.

૩. એજન, પૃષ્ઠ-૯.

૪. મહેતા રમણલાલ નાગરજી "વિસનગર" પ્રથમ આવૃત્તિ, ગુજરાત ઈતિહાસ પરિષદ, અમદાવાદ,૧૯૮૭,પૃષ્ઠ -૮.

૫. એજન, પૃષ્ઠ-૮.

૬. મહાસુખભાઈ ચુનીલાલ, 'વિસનગર", પૃષ્ઠ-૪.

૭. એજન, પૃષ્ઠ-૯.

૮. પારેખ વલ્લભરામ હેમચંદ જનરલ લાયબ્રેરીની પરિચય પત્રિકા.

૯. મહાસુખભાઈ ચુનીલાલ, પૂર્વોક્ત, પૃષ્ઠ-૧૭૯.

૧૦. પટેલ ઈશ્વરભાઈ જી. "શહીદવીર ગોવિંદરાવ કૃષ્ણકાંત ઉત્રાણકર" પ્રથમ આવૃત્તિ, પારેખ વલ્લભરામ હેમચંદ જનરલ લાયબ્રેરી પ્રકાશન, વિસનગર, ૧૯૯૨, પૃષ્ઠ-૪.

૧૧. એજન- પૃષ્ઠ-૧૧.

૧૨. ધરતીદીપ ( સાંકળચંદ પટેલ સ્મૃતિવંદના ગ્રંથ ), ૧૯૯૦, પૃષ્ઠ-૧૭૮.

૧૩. ઓઝા રાજેન્દ્ર આઈ, માણીક્યમ એમ.એન.કોલેજ વિસનગર સુવર્ણજયંતિ વિશેષાંક, ૧૯૯૭,પૃષ્ઠ-૨.